# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-06-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

**************************************************

1) અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયા ફ્લાઇટ દુર્ઘટનાની તપાસ માટે સરકારે એક ઉચ્ચ સ્તરીય બહુપક્ષીય સમિતિની રચના કરી

2) અમદાવાદ મેડિકલ એસોસિએશને વિમાની દુર્ઘટનામાં ચાર ડોક્ટર અને એક તબીબની પત્નીનું મોત થયાની પુષ્ટિ કરી

3) ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે ફોન પર ચર્ચા કરી

4) ઈરાને ઈઝરાયલી હુમલાની જવાબી કાર્યવાહીમાં ઓપરેશન સેવિયર પનિશમેન્ટ લોન્ચ કરી સેંકડો મિસાઈલ અને ડ્રોન છોડ્યા

5) વિશ્વકપ શૂટિંગમાં ભારતની સુરુચી સિંહે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# AI CRASH-COMMITTEE

અમદાવાદથી લંડન જતી એર ઇન્ડિયા ફ્લાઇટ AI-171 ના દુર્ઘટનાના કારણોની તપાસ માટે સરકારે એક ઉચ્ચ સ્તરીય બહુપક્ષીય સમિતિની રચના કરી છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે સમિતિ આવી ઘટનાઓને રોકવા અને નિયંત્રિત કરવા માટે જારી કરાયેલા હાલના માનક સંચાલન પ્રક્રિયાઓ (SOPs) અને માર્ગદર્શિકાઓની તપાસ કરશે. તે ભવિષ્યમાં આવા કિસ્સાઓનો સામનો કરવા માટે વ્યાપક માર્ગદર્શિકા પણ સૂચવશે. તેમાં કહેવામાં આવ્યું છે કે સમિતિ સંબંધિત સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવતી અન્ય પૂછપરછનો વિકલ્પ રહેશે નહીં પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા અને નિયંત્રિત કરવા માટે SOPs ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# AI FLIGHT-IMA

ઇન્ડિયન મેડિકલ એસોસિએશનના ગુજરાત રાજ્ય પ્રમુખ મેહુલ શાહે જણાવ્યું કે, ગુરુવારે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક નજીક ડોક્ટર્સ  હોસ્ટેલ પર એર ઇન્ડિયાનું વિમાન ક્રેશ થયું હતું જેમાં ચાર મેડિકલ વિદ્યાર્થીઓ અને એક  ડોક્ટરની પત્નીનું મોત થયું હતું.
તેમણે કહ્યું કે ઘાયલોને મદદ કરવા માટે સોથી વધુ ડોક્ટરો અકસ્માત સ્થળે પહોંચ્યા હતા. શ્રી શાહે કહ્યું કે હોસ્ટેલ પરિસરમાં 45 થી વધુ મેડિકલ વિદ્યાર્થીઓને બચાવી લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન અકસ્માતમાં કોઈપણ પ્રકારની મદદ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિત ઘણા અધિકારીઓના સંપર્કમાં છે.

# PLANE CRESH

એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787ના અકસ્માતના કારણે દેશ-વિદેશમાં હજારો પરિવારો શોકમગ્ન બન્યા છે. અકસ્માતના એપી સેન્ટર જેવી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દેશ-વિદેશથી લોકોના સ્વજનો પહોંચી રહ્યા છે. જ્યારથી અકસ્માતના સમાચાર વેગીલા બન્યા છે, ત્યારથી આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર, અને સુરક્ષા તંત્ર ખડેપગે છે, અને અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ થવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

# MALLIKARJUN KHARGE

કોંગ્રેસ અધ્યક્ષ અને રાજ્યસભામાં વિરોધપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે આજે સાંજે અમદાવાદ પહોંચી વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપશે. તેઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ઇજાગ્રસ્તો અને શોકગ્રસ્ત પરિવારોને મળશે અને વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લેશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા મૃતકોના આત્માની શાંતિ માટે કેન્ડલ માર્ચ નું આયોજન પાલડી કોચરબ આશ્રમ ખાતે કરવામાં આવ્યું હતું. પાટણ ખાતે ગઈકાલે કોંગ્રેસ દ્વારા શહેરના બગવાડા દરવાજા ચોકમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત પાટણ ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા પણ શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ હતી.

# RUPANI SHARDHANJALI

અમદાવાદમાં સર્જાયેલી વિમાનની દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિધન થયું હતું. ત્યારે વિદેશ સ્થિતિ તેમના પરિવારજનો અમદાવાદ પહોંચ્યા હતા ગઇકાલે તેમના પત્ની અંજલી રૂપાણી અને તેમના દિકરી અમદાવાદ પહોંચ્યા બાદ આજે વહેલી સવારે તેમનો પુત્ર પણ અમેરિકાથી અમદાવાદ પહોચ્યો હતો..

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પી હતી.. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે સ્વર્ગસ્થ વિજયભાઈ સાથે સંગઠનમાં લાંબા સમય સુધી કામ કર્યું. પ્રદેશ પ્રમુખ તરીકે સંગઠનને મજબુત બનાવવું હોય કે પછી મુખ્યમંત્રી તરીકે ગુજરાતની

વિકાસયાત્રાને ગતિશીલ રાખવાની દરેક જવાબદારી તેમણે પૂરી નિષ્ઠાથી નિભાવી. વિશ્વાસ જ નથી થઈ રહ્યો કે વિજયભાઈ હવે આપણી વચ્ચે નથી. થોડા દિવસો પહેલા જ તેમની સાથે મુલાકાત થઈ હતી અને પંજાબમાં સંગઠનને લગતા વિવિધ મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ. દુખની આ ઘડીમાં સમગ્ર ભાજપા પરિવાર તેમની સાથે છે. ભગવાન તેમના ચરણોમાં દિવંગત આત્માને સ્થાન આપે.

દિવગંત વિજય રૂપાણીના નિધન અંગે શોક વ્યક્ત કરવા આજે રાજકોટ શહેર સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા તમામ 600 જેટલી સ્વનિર્ભર શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો નિર્ણય કરાયો છે.. જ્યારે મંડળ દ્વારા શહેરની સરકારી અને અનુદાનિત શાળાઓમાં પણ શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવે તેવી અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત આજે રાજકોટમાં વેપાર રોજગાર પણ બંધ રાખીને વિમાની દુર્ઘટનાના મૃતકોને શ્રધ્ધાંજલી અર્પવામાં આવશે..

# REV. MORN. PM- ISRAEL

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ ગઈકાલે ફોન પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે તેમણે શ્રી નેતન્યાહૂ સાથેની વાતચીતમાં પ્રાદેશિક શાંતિ અને સ્થિરતાની વહેલી તકે પુનઃસ્થાપનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

**ઇઝરાયલના વિદેશમંત્રી ગિદોન સારે પણ વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરને ફોન પર વર્તમાન પરિસ્થિત અંગે માહિતી આપી હતી. શ્રી જયશંકરે ઈરાનના વિદેશમંત્રી સૈયદ અબ્બાસ અરાગચી સાથે પ્રદેશની નવીનતમ પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરી હતી.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# IRAN-ISRAEL ATTACK-1

**ઈરાને ઈઝરાયલી હુમલાની જવાબી કાર્યવાહીમાં સેંકડો મિસાઈલ અને ડ્રોન છોડ્યા છે, જેને ઓપરેશન સેવિયર પનિશમેન્ટ નામ આપવામાં આવ્યું છે. તેલ અવીવ અને જેરુસલેમમાં થયેલા પ્રચંડ બોમ્બ ધડાકાથી ઈઝરાયલમાં હવાઈ હુમલાના સાયરન વગાડવામાં આવી, જેના કારણે લાખો લોકોને રાહત શિબિરોમાં આશ્રય લેવાની ફરજ પડી. આ અગાઉ ઇઝરાયલના હુમલામાં**

ઈરાનના પરમાણુ સ્થાનોને નિશાન બનાવાયા હતા અને મુખ્ય સેના કમાન્ડરોની હત્યા કરવામાં આવી છે.

ઈઝરાયલી અધિકારીઓએ ઈરાનના હુમલાની પુષ્ટિ કરી છે. બેન ગુરિયન હવાઈમથકને તાત્કાલિક બંધ કરી દેવામાં આવ્યું હતું અને તેને સતત સતર્ક રાખવા માટે હજારો ઈઝરાયલી સૈનિકોને તૈનાત કરવામાં આવ્યા હતા. આ પહેલી વાર છે જ્યારે ઈરાનની મિસાઈલો રહેણાંક વિસ્તારોમાં ઈઝરાયલના હવાઈ સંરક્ષણ પર હુમલો કરી છે.

ઈરાનની રાજ્ય સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો છે કે આ મિસાઈલ હુમલો ખાસ કરીને ઈઝરાયલ દ્વારા નાતાન્ઝ પરમાણુ સ્થળના નાશ કરવા અને ઈરાનના ટોચના લશ્કરી કમાન્ડરોની હત્યાના જવાબમાં કરવામાં આવ્યો હતો. ઈઝરાયલના સંરક્ષણમંત્રી ઈઝરાયલ કાત્ઝે  આરોપ લગાવ્યો છે કે ઈરાને જાણી જોઈને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવ્યા છે. તેમણે કહ્યું કે ઈઝરાયલ તેનો યોગ્ય જવાબ આપશે. બંને દેશો વચ્ચેના ભીષણ હુમલાઓએ વ્યાપક પ્રાદેશિક સંઘર્ષનો ભય વધી ગયો છે. અમેરિકન વહીવટીતંત્ર લાંબા સમયથી આ હુમલાને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે, કારણ કે તેને ડર છે કે આનાથી પશ્ચિમ એશિયામાં વ્યાપક યુદ્ધ શરૂ થશે અને તે ઈરાનના મજબૂત પરમાણુ માળખા સામે બિનઅસરકારક સાબિત થઈ શકે છે. ઈરાને તેના યુરેનિયમ સંવર્ધન સ્તરમાં સતત વધારો કરીને મોટી માત્રામાં પરમાણુ શસ્ત્રો એકઠા કર્યા છે.

# ISSF- SHOOTING

જર્મનીના મ્યુનિકમાં ચાલી રહેલા વિશ્વકપ શૂટિંગમાં, ભારતની સુરુચી સિંહે મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. તેણે ફ્રાન્સની કેમિલી જેડ્રઝેજેવસ્કીને  હરાવી હતી. વિશ્વ કપમાં આ ઇવેન્ટમાં સુરુચીનો આ સતત ત્રીજો વ્યક્તિગત સુવર્ણ ચંદ્રક છે.

અગાઉ, ઇલાવેનિલ વાલારિવન અને સિફત કૌર સમરાએ રાઇફલ ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યા હતા. ભારત સ્પર્ધામાં ત્રણ મેડલ સાથે ચોથા સ્થાને છે.

# IMD-WEATHER

હવામાન વિભાગે રાજસ્થાન માટે રેડ એલર્ટ જારી કરતાં જણાવ્યું છે કે આગામી બે થી ત્રણ દિવસ સુધી રાજ્યમાં ધૂળની ડમરી ઊડવાની સાથે તીવ્ર ગરમીની સ્થિતિ ચાલુ રહેશે. આજે જમ્મુ અને કાશ્મીર, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, મધ્યપ્રદેશ, પંજાબ અને ઉત્તરપ્રદેશના અલગ અલગ સ્થળોએ પણ ગરમીનું મોજું પ્રસરવાની આગાહી કરી છે. બિહાર, સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.

દરમિયાન હવામાન વિભાગે દરિયાકાંઠાના કર્ણાટક, કેરળ, માહે, કોંકણ, ગોવા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલના અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

# અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે જયેશ પટેલ

**1)** આજે તમામ અખબારોએ ઇઝરાયેલ – ઇરાન વચ્ચેના સંઘર્ષના સમાચાર અને અમદાવાદની વિમાન દુર્ઘટનાના સમાચાર હેડલાઇનમાં છે

અખબારો અનુસાર જોઇએ તો

**2)** ગુજરાત સમાચારે લખ્યુ છે કે ઇરાનના પરમાણુ મથકો નો વિનાશ જ્યારે આઁખના પલકારામાં સર્જાયેલી દુર્ઘટના કાયમી રહસ્ય જ રહેશે તે સમાચાર પહેલા પેજ ઉપર છે.

**3)** નવગુજરાત સમાયે લખ્યુ છે કે .. ઇરાન પર ઇરાયેલની એરસ્ટ્રાઇક –100થી વધુનાં મોત

**4)** ફૂલછાબે લખ્યુ છે કે વધુ એક યુધ્ધ શરુ

**5)** સંદેશે લખ્યું છે કે ઇઝરાયેલ ઇરાન પર ત્રાટક્યુ – ઇરાને 100 મિસાઇલ્સ છોડી

**6)** દિવ્ય ભાસ્કરે લખ્યું છે કે બોઇગ વિમાનની દરેક ફ્લાઇટ પહેલા વિશેષ તપાસ થશે, મરણાંક 275 થયો

7) આ ઉપરાંત બ્લેક બોક્સ મળતા તપાસ તેજ બનશે તેમજ **DNA** ટેસ્ટ કરવાની કામગીર તેમજ અત્યાર સુધી 222 ટેસ્ટ થયા ના સમાચાર પણ સ્થાનિક અને રાજ્યના સમાચાર છેલા પેજ ઉપર દરેક અખબારોમાં વાંચવા મળી રહ્યાં છે.